તારીખ : 30/05/2026

# સાવરકુંડલા તાલુકામાં વિકાસનો વેગ :

## ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે રૂ. ૭૫ લાખના ગ્રામ સચિવાલયોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામા આવ્યુ







સાવરકુંડલા લિલીયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે સાવરકુંડલા તાલુકામાં રૂ. ૭૫ લાખના ગ્રામ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો યોજાયાસાવરકુંડલા-લીલિયા વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલા હસ્તે સાવરકુંડલા તાલુકાના વિવિધ ગામોમાં ગ્રામ વિકાસને વેગ આપતા મહત્વપૂર્ણ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કાર્યક્રમો યોજાયા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ બને અને ગ્રામ પંચાયતનું વહીવટી કાર્ય વધુ સુવ્યવસ્થિત રીતે થઈ શકે તે હેતુસર કુલ રૂ. ૭૫ લાખના ખર્ચે નવા ગ્રામ સચિવાલય (પંચાયત ઘર) ના કાર્યો હાથ ધરવામાં આવ્યા છે.કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા તાલુકાના પિયાવા ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે નિર્માણ પામનાર નવા ગ્રામ સચિવાલય (પંચાયત ઘર) નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગામના વિકાસમાં પંચાયત ઘરની મહત્વપૂર્ણ ભૂમિકા રહેલી હોય, નવા મકાનથી ગ્રામજનોને વહીવટી સેવાઓ વધુ સરળતાથી પ્રાપ્ત થશે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી.ત્યારબાદ જેજાદ ગામે પણ રૂ. ૨૫ લાખના ખર્ચે નવા ગ્રામ સચિવાલય (પંચાયત ઘર) ના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર ગામડાંના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને ગ્રામ્ય વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ પહોંચાડવા માટે સતત વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે.આ ઉપરાંત વીરડી ગામે રૂ. ૨૫ લાખના ખર્ચે તૈયાર થયેલ નવા ગ્રામ સચિવાલય (પંચાયત ઘર) નું લોકાર્પણ પણ ધારાસભ્યશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા પંચાયત ઘરથી ગામના વહીવટી કામોમાં સરળતા વધશે તેમજ ગ્રામજનોને એક જ સ્થળે વિવિધ સરકારી સેવાઓનો લાભ સરળતાથી મળી શકશે.આ પ્રસંગે સ્થાનિક આગેવાનો, તાલુકા પંચાયતના હોદ્દેદારો, ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ, કાર્યકરો તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**ગામ વિકાસને નવી દિશા : પિયાવા, જેજાદ અને વીરડી ગામે રૂ. ૭૫ લાખના પંચાયત ઘર (ગ્રામ સચિવાલય) ના કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ**

કે.ડી. NEWS

તારીખ : 30/05/2026

# ગુજરાત IPL 2026 ફાઈનલમાં પહોંચ્યું..




29 મે 2026 શુક્રવારના રોજ રાજસ્થાન અને ગુજરાતની ipl ની મેચ કાંટે કી ટક્કર જેવી રમાઈ હતી જેમાં રાજસ્થાનને હરાવી ગુજરાત IPL 2026 ફાઈનલમાં પહોંચ્યું છે કેપ્ટન ગિલની શાનદાર સદી, અમદાવાદમાં RCB સામે થશે ટાઈટલ મુકાબલોIPL 2026ના ક્વોલિફાયર-2માં ગુજરાત ટાઈટન્સે રાજસ્થાન રોયલ્સને 7 વિકેટે હરાવી ફરી એકવાર ફાઈનલમાં જગ્યા બનાવી છે. શુભમન ગિલની શાનદાર સદી અને કેપ્ટનની ઈનિંગ્સે ગુજરાતને 215 રનના મુશ્કેલ લક્ષ્ય સુધી પહોંચાડ્યું. બીજી તરફ, વૈભવ સૂર્યવંશીએ 96 રનની ધમાકેદાર ઈનિંગ્સ રમી હોવા છતાં સતત બીજી વખત સદી ચૂકી ગયો. આખરે ડોનોવન ફેરેરાની એક ભૂલના કારણે રાજસ્થાનની સફર ફાઈનલ પહેલાં જ અટકી ગઈ હતી.ગિલ અને સાથી ઓપનર સાઈ સુદર્શન (58 રન, 32 બૉલ, એક સિક્સર, આઠ ફોર) વચ્ચે 12.5 ઓવરમાં 167 રનની શાનદાર ભાગીદારી થઈ હતી. ગુજરાતે 215 રનના લક્ષ્યાંક સામે 18.4 ઓવરમાં 3/219ના સ્કોર સાથે વિજય મેળવ્યો હતો.

કે.ડી. NEWS

તારીખ : 30/05/2026

# "સ્વચ્છ સાવરકુંડલા, વિકસિત સાવરકુંડલા"

# નગરપાલિકા અધ્યક્ષ નો નવો અભિગમ

સર્વ પક્ષીય બેઠકમાં સ્વચ્છતા, વિકાસ અને કર્મચારીઓની જવાબદારી અંગે મહત્વપૂર્ણ નિર્ણયો

જનહિતના કાર્યોમાં બેદરકારી નહીં ચાલે :- નગરપાલિકા અધ્યક્ષ શ્રીમતી નયનાબેન કાપડિયા



## "સ્વચ્છતા, શિસ્ત અને વિકાસ — સાવરકુંડલાની નવી દિશા"

સાવરકુંડલા શહેરને વધુ સ્વચ્છ, સુંદર અને સુવિધાસભર બનાવવા માટે સાવરકુંડલા નગરપાલિકાના અધ્યક્ષશ્રી નયનાબેન કાપડિયાના અધ્યક્ષતામાં સર્વ પક્ષીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિકાસને રાજકીય મતભેદોથી ઉપર રાખી સૌના સહયોગથી આગળ વધારવાના હેતુથી યોજાયેલી નગરપાલિકા અધ્યક્ષશ્રી નયનાબેન કાપડિયાએ જણાવ્યું હતું કે શહેરના વિકાસ, સ્વચ્છતા અને સુશાસન માટે સૌનો સહકાર જરૂરી છે. નાગરિકોને વધુ સારી અને ઝડપી સેવાઓ મળે તે માટે નગરપાલિકા પ્રતિબદ્ધ છે અને જનહિતના દરેક મુદ્દે પારદર્શક તથા પરિણામલક્ષી કામગીરી કરવામાં આવશે.આ બેઠક દરમિયાન શહેરની સ્વચ્છતા વ્યવસ્થા, વિકાસના કાર્યો, રસ્તાઓ, ગટર, સ્ટ્રીટલાઈટ, પીવાના પાણી સહિતની નાગરિક સુવિધાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

શહેરના વિવિધ વિસ્તારોમાં ચાલતા અને આગામી વિકાસ કાર્યોને વધુ ગતિ આપવા માટે પણ સૂચનો અને મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા.સ્વચ્છતા મુદ્દે

# બેદરકાર કર્મચારીઓ સામે કડક કાર્યવાહી, જનહિતને સર્વોપરી રાખી નગરપાલિકાનો મહત્વપૂર્ણ નિર્ણય

સર્વ પક્ષીય બેઠકમાં એક જ સુર જોવા મળ્યો હતો. શહેરને સ્વચ્છ અને આરોગ્યપ્રદ બનાવવા માટે નિયમિત સફાઈ, કચરાના યોગ્ય નિકાલ અને જનજાગૃતિ અભિયાનને વધુ અસરકારક બનાવવાની જરૂરિયાત ઉપર સૌએ ભાર મૂક્યો હતો. “સ્વચ્છ સાવરકુંડલા” માત્ર એક અભિયાન નહીં પરંતુ શહેરની ઓળખ બનવી જોઈએ તેવો મત વ્યક્ત કરવામાં આવ્યો હતો.આ બેઠકમાં નગરપાલિકાના કર્મચારીઓની કામગીરી અને જવાબદારી અંગે પણ ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

નાગરિકોના પ્રશ્નોનો સમયસર નિકાલ થાય, કચેરીઓમાં નિયમિત હાજરી રહે અને દરેક કર્મચારી પોતાની ફરજ પ્રત્યે સંપૂર્ણ જવાબદારી સાથે કાર્ય કરે તે બાબતે સર્વાનુમતે ભાર મૂકવામાં આવ્યો હતો.ખાસ કરીને વારંવાર બેદરકારી દાખવતા, ફરજ પ્રત્યે ઉદાસીનતા રાખતા તથા જાહેર હિતના કામોમાં વિલંબ સર્જતા કર્મચારીઓ સામે કડક વલણ અપનાવવાની જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી. આ બેઠકમાં સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી કે જનહિતના કાર્યોમાં અવરોધરૂપ બનતા બેદરકાર અને બેજવાબદાર કર્મચારીઓ સામે તાત્કાલિક અને નિયમસર કાર્યવાહી કરવામાં આવે તથા જરૂરી હોય ત્યાં આવા કર્મચારીઓને સેવામાંથી દૂર કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવે. સાથે જ નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિકતાથી કામગીરી કરનારા કર્મચારીઓને પ્રોત્સાહન આપવાની બાબત પણ ચર્ચાઈ હતી.આ સર્વ પક્ષીય બેઠક દ્વારા સાવરકુંડલાના વિકાસ માટે એકતા, સહમતી અને સંકલનનો સકારાત્મક સંદેશ પ્રસરી રહ્યો છે.

શહેરના હિતને સર્વોપરી રાખી લેવામાં આવેલા નિર્ણયો આગામી સમયમાં સાવરકુંડલાને વધુ સ્વચ્છ, સુવ્યવસ્થિત અને વિકસિત શહેર બનાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. આ બેઠકમાં વિવિધ રાજકીય પક્ષોના આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, નગરપાલિકાના અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ સંકલ્પ સાથે બેઠકનું સફળ સમાપન થયું હતું.

## શહેરના વિકાસ માટે સર્વપક્ષીય એકતા:

## સ્વચ્છતા અને સુશાસનને મળશે પ્રાથમિકતા

તારીખ : 30/05/2026

# અમરેલી જિલ્લા પંચાયતને નવા પ્રમુખ તરીકે દક્ષાબેન ચોડવડિયા ને ભારતીય જનતા પાર્ટી દ્વારા જવાબદારી સોંપવામાં આવી









સાવરકુંડલા તાલુકાના જીરા ગામના રહેવાસી દક્ષાબેન ચોડવડિયાએ સરપંચ પદે સફર પૂર્ણ કરી છે જિલ્લા પંચાયતના પ્રમુખની નોંધપાત્ર સફર શરૂ કરી છે દક્ષાબેન જીરા ગામના સરપંચ પદે રહી ને ગામના વિકાસના મુદ્દાઓ હોય કે ખનીજ માફિયાઓ સામેનો અવાજ ઉઠાવતા રહ્યા છે જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકેનો ચાર્જ સંભાળતા પહેલા તેમણે પોતાના વતન જીરા ગામમાં મંદિરોમાં દર્શન કરી વડીલોના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ શાસ્ત્રોક્ત વિધિ સાથે તેમણે જિલ્લા પંચાયતનો કાર્યભાર સંભાળ્યો છેસાવરકુંડલા તાલુકાના જીરા ગામના દક્ષાબેન ચોડવડિયા હવે અમરેલી જિલ્લા પંચાયતના નવા પ્રમુખ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારથી શરૂ થયેલી તેમની રાજકીય સફર આજે જિલ્લાના સર્વોચ્ચ પંચાયતી પદ સુધી પહોંચી છે જીરા ગામના સરપંચ તરીકેની જવાબદારી દરમિયાન દક્ષાબેને ગામના વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ કામગીરી કરી હતી ગામમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં ખનીજ માફિયાઓ દ્વારા થતા ગેરકાયદે ખનન સામે તેમણે સતત અવાજ ઉઠાવ્યો હતો સાથે જ ગામની અંદાજિત 600 વિઘા ગૌચર જમીન પરથી ગેરકાયદેસર દબાણો દૂર કરાવી પશુધન માટે ગૌચર જમીન ખુલ્લી કરાવવામાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતીગામમાં રસ્તા, સુવિધાઓ અને અન્ય વિકાસના કાર્યો થકી જીરા ગામની ઓળખ અને રોનકમાં વધારો કર્યો છે જિલ્લા પંચાયતનો ચાર્જ સંભાળતા પહેલા દક્ષાબેને પોતાના ગામના રામજી મંદિર હવેલી તેમજ મહાદેવ મંદિરે દર્શન કરી વડીલોના આશીર્વાદ મેળવ્યા હતા જિલ્લા પંચાયત કચેરી ખાતે પહોંચતા પહેલા પગથિયાંને નમન કરી અને ભૂદેવોના શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર વચ્ચે તેમણે વિધિવત રીતે કાર્યભાર સંભાળ્યો હતો પ્રમુખ પદનો ચાર્જ સંભાળ્યા બાદ દક્ષાબેને અધિકારીઓ સાથે બેઠક યોજવાના છે અને ત્યારબાદ ચૂંટાયેલા સભ્યો મિટિંગ યોજવાના છેગ્રામ્ય વિસ્તારની સમસ્યાઓથી સારી રીતે પરિચિત દક્ષાબેન ચોડવડિયાએ લોકોના પ્રશ્નોનું ઝડપી નિરાકરણ અને ગામડાઓમાં વિકાસના કામોને વધુ ગતિ આપવા માટે પ્રયાસ કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. જિલ્લા પંચાયત કચેરી ખાતે પ્રમુખશ્રીએ ચાર સંભાર્યો ત્યારે જિલ્લા પંચાયતના કર્મચારીઓ જિલ્લા પંચાયતના સભ્યો ભાજપના અગ્રણીઓ સહિતના અનેક મહાનુભાવો એ દક્ષાબેન ને અભિનંદન પાઠવા હતા.

તારીખ : 30/05/2026


# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 30/05/2026

# સાવરકુંડલાના નવનિયુક્ત DySP વિરલ ચંદન સાહેબની શુભેચ્છા મુલાકાત લેતા અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી અને લોહાણા સમાજના પ્રમુખ



સાવરકુંડલા વિભાગના નવનિયુક્ત DySP શ્રી વિરલ ચંદન સાહેબની એક શુભેચ્છા મુલાકાત અમરેલી જિલ્લાના વેપારી અગ્રણી અને સામાજિક આગેવાનો દ્વારા લેવામાં આવી હતી.

તાજેતરમાં સાવરકુંડલા ખાતે પોતાનો કાર્યભાર સંભાળનાર DySP શ્રી વિરલ ચંદન સાહેબનું સ્વાગત કરવા માટે અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી અને ગુજરાત પ્રદેશ લોહાણા ફોરમ ના ઉપપ્રમુખ શ્રી ,વેપારી મહામંડળ ના કાર્યકારી પ્રમુખશ્રી રાજુભાઈ શીંગાળા તથા સાવરકુંડલા લોહાણા સમાજના પ્રમુખ શ્રી જગદીશભાઈ માધવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.આ શુભેચ્છા મુલાકાત દરમિયાન બંને અગ્રણીઓએ DySP સાહેબને પુષ્પગુચ્છ અર્પણ કરી મોઢું મીઠું કરાવી નવી નિમણૂક બદલ અભિનંદન પાઠવ્યા હતા. મુલાકાત દરમિયાન શહેરની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ વેપારીઓના પ્રશ્નો અને સામાજિક વ્યવસ્થા અંગે હકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. અધિકારીશ્રીએ પણ અગ્રણીઓની આ મુલાકાતને આવકારી હતી અને શહેરના વિકાસ તેમજ સુરક્ષા માટે વહીવટી તંત્ર અને નાગરિકો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી.

કે.ડી NEWS

તારીખ : 30/05/2026

# રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ : અમરેલી જિલ્લાને રાજ્ય કક્ષાના પ્રતિષ્ઠિત “ઓવરઓલ એક્સેલન્સ” એવોર્ડનું સન્માન











આલેખન અને સંકલન : ધર્મેશ વાળાઅમરેલી તા. 30 મે,૨૦૨૬ (શનિવાર) - દર વર્ષે ૩૧મી મે ના રોજ 'વિશ્વ તમાકુ નિષેધ દિન'ની ઉજવણી હાથ ધરવામાં આવે છે. આ વર્ષની થીમ : Unmasking the appeal-Countering Nicotine and Tobacco Addiction છે. આ થીમ અંતર્ગત દેશવ્યાપી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જિલ્લા તમાકુ નિયંત્રણ સેલ (D T C C) અમરેલીના અથાગ પ્રયાસો અને આયોજનબદ્ધ જનજાગૃત્તિ અભિયાનના ભગીરથ પ્રયાસ થકી જિલ્લાને રાજ્ય કક્ષાના પ્રતિષ્ઠિત “ઓવરઓલ એક્સેલન્સ” એવોર્ડનું સન્માન પ્રાપ્ત થયું છે. ૭૯મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્તે આ રાષ્ટ્રીય કાર્યક્રમ હેઠળ ઉત્કૃષ્ટ સેવા અને સમર્પણ દાખવવા બદલ તમાકુ નિયંત્રણ સેલના કર્મચારીઓને વિશેષરૂપે સન્માનિત કરી પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતા. જિલ્લામાં નાગરિકો વ્યસનમુક્તિ મેળવીને તંદુરસ્ત જીવનશૈલી અપનાવે તે માટે વર્ષભર વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. તમાકુના દૂષણ સામે લોકજાગૃતિ લાવવા માટે કુલ ૧૧ જેટલી તમાકુ નિષેધ રેલીઓ યોજાઈ હતી, જેમાં ૬૬૫ લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ફોકસ ગૃપ ડિસ્કશન (FGD)/શિબિર હેઠળ સામુદાયિક સ્તરે ઊંડાણપૂર્વક સમજણ આપવા માટે ૫૦ જેટલી શિબિરોનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું, જેમાં ૧,૯૫૩ નાગરિકો સહભાગી બન્યા હતા. તમાકુ મુક્તિ માટે જિલ્લામાં રેકોર્ડબ્રેક ૩૧૪ જેટલા તમાકુ નિષેધ સંકલ્પ કાર્યક્રમો યોજીને ૫,૯૪૨ લોકોને વ્યસનમુક્તિના શપથ લેવડાવવામાં આવ્યા હતા. યુવા પેઢી અને બાળકોને નાની ઉંમરથી જ તમાકુના ઝેરી પ્રભાવથી બચાવવા માટે શૈક્ષણિક સંસ્થાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જિલ્લાની તમામ સરકારી, અર્ધ-સરકારી અને ખાનગી પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ કોલેજો મળીને કુલ ૭૭૮ શૈક્ષણિક સંસ્થાઓમાં “તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા” (ToFEI) ના કડક નવ મુદ્દાઓ લાગુ કરવામાં આવ્યા છે. ઉપરાંત ચિત્ર સ્પર્ધા, સાઈનેજ બેનરોનું પ્રદર્શન યોજીને જનજાગૃત્તિ વધારવામાં આવી હતી. માત્ર સમજાવટ જ નહીં, પરંતુ કાયદાનું કડક પાલન કરાવીને પણ વહીવટી તંત્ર દ્વારા શિસ્ત લાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. તમાકુ નિયંત્રણ અધિનિયમ-૨003 (COTPA) ની વિવિધ કલમો હેઠળ જાહેરમાં ધૂમ્રપાન કરનારા કે, નિયમોનું ઉલ્લંઘન કરનારાઓ સામે કુલ ૧,૫૩૨ કેસો દાખલ કરવામાં આવ્યા હતા. કુલ રૂપિયા ૧,૫૦,૨૫૫નો દંડ વસૂલ કરી કાયદાનું પાલન કરાવવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા. જિલ્લાના કુલ ૨,૮૪૯ લોકોને તમાકુનું વ્યસન હંમેશા માટે ત્યજીને તંદુરસ્ત જીવન જીવવા માટે પ્રોફેશનલ કાઉન્સેલિંગ પૂરું પાડવામાં આવ્યું છે. શાળા-કોલેજના બાળકો આ કુટેવથી દૂર રહે તે માટે શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૮૭ વ્યક્તિગત સંપરામર્શ અને જૂથ ચર્ચાઓ યોજવામાં આવી હતી. ગ્રામીણ સ્તરે અમરેલી જિલ્લાએ જે ઈતિહાસ રચ્યો છે, તે સમગ્ર ગુજરાત માટે ગૌરવ સમાન છે. જિલ્લાના ૬૨૬ ગામોની ૬03 ગ્રામ પંચાયતોમાં “સ્મોક ફ્રી વિલેજ” (ધૂમ્રપાન મુક્ત ગામ) ના કડક માપદંડો અનુસરવા માટે સત્તાવાર ગ્રામસભાના ઠરાવો પસાર કરાવવામાં આવ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સમગ્ર રાજ્યમાં આ સિદ્ધિ માત્ર અમરેલી જિલ્લાએ જ હાંસલ કરી છે. આ ૬૨૬ ગામોમાં યોજાયેલા તમાકુ નિષેધ સંકલ્પ અને વ્યાપક વ્યસનમુક્તિ કાર્યક્રમોમાં કુલ ૧૮,૮૪૭ ગ્રામજનો સીધા જોડાઈને જનઆંદોલનમાં સહભાગી બન્યા હતા. 'ટોબેકો ફ્રી યુથ કેમ્પેઈન 3.0' (TFYC 3.0) અને 'નશામુક્ત ભારત અભિયાન' (NMBA) અંતર્ગત હજારો યુવાનોને ઓનલાઈન તેમજ ઓફલાઈન માધ્યમથી વ્યસનમુક્તિના ડિજિટલ સંકલ્પ લેવડાવવામાં આવ્યા હતા. જેના થકી જનજાગૃત્તિ પ્રસરાવવામાં મદદ મળી છે.

## “સ્મોક ફ્રી વિલેજ” (ધૂમ્રપાન મુક્ત ગામ)ની નેમ : જિલ્લાની ૬03 ગ્રામ પંચાયતો ખાતે ગ્રામસભામાં સત્તાવાર ઠરાવો પસાર કરવામાં આવ્યા

તારીખ : 30/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

SAINT THOMAS SCHOOL SAVARKUNDLA

# સેન્ટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ

ગીરધરવાવ પાછળ, મહુવારોડ, સાવરકુંડલા. ફોન : 94264 22144/02845-295032

## શું તમારા બાળકને ભવિષ્ય માટે મજબૂત આધાર મળી રહ્યો છે?

**ઘણા વાલીઓને ચિંતા રહે છે !!!**

પૂરતું વ્યક્તિગત ધ્યાન મળતું નથી * અભ્યાસનો મજબૂત આધાર નથી

અંગ્રેજી બોલવામાં આત્મવિશ્વાસ ઓછો છે,,,

## આ તમામ ચિંતાઓનું સમાધાન એટલે થોમસ સ્કુલ...

### અમારી વિશેષતાઓ

- ☑ દર વર્ષે ૧૦૦% પરિણામ
- ☑ અંગ્રેજી માધ્યમ શિક્ષણ
- ☑ અનુભવી અને સંવેદનશીલ શિક્ષકો
- ☑ સુરક્ષિત અને શિસ્તબદ્ધ કેમ્પસ
- ☑ દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન



## તમારા બાળકના ભવિષ્ય સાથે સમાધાન ન કરો.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે

# પ્રવેશકાર્ય શરૂ છે...

**ધોરણ : નર્સરી થી ધોરણ-૯**

દર વર્ષે 100 % પરિણામ

વહેલા પ્રવેશ માટે ખાસ લાભ

**સંપર્ક: 9376245177 /9033321323**

મર્યાદિત બેઠકો આજે જ પ્રવેશ લો!

તારીખ : 30/05/2026

# અમરેલીમાં દાનેવ સર્કલ અને દાનેવ માર્ગ બનાવા રજુઆત



અમરેલીમાં કાઠી ક્ષત્રિય સમાજ યુવા ટીમે શહેરના મહત્વપૂર્ણ વિસ્તારને દાનેવ સર્કલ તેમજ સંબંધિત માર્ગને દાનેવ માર્ગ તરીકે નામકરણની માંગ કરી હતી.આ નામકરણથી કાઠી સમાજના ઐતિહાસિક વારસાને નવી પેઢી સુધી પહોંચાડવામાં મદદ મળશે અને શહેરની સાંસ્કૃતિક ઓળખ વધુ મજબૂત બનશે તેમ યુવા ટીમે જણાવ્યું હતું.આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ કારોબારી ચેરમેનને આવેદનપત્ર પાઠવી માંગણી અંગે સકારાત્મક નિર્ણય લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. રજૂઆત દરમિયાન કાઠી ક્ષત્રિય સમાજ યુવા ટીમના રવિભાઈ શેખવા, મહેશભાઈ જળુ જયરાજભાઈ ખાચર, દિલાભાઈ વાળા, નાથુભાઈ ધાંધલ, અશોકભાઈ વાળા સહિતના આગેવાનો અને યુવાનો હાજર રહ્યા હતા.

તારીખ : 30/05/2026

# વેરાવળ-રાજકોટ લોકલ ટ્રેનોમાં તાત્કાલિક ધોરણે 2 વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે



યાત્રિયોની સુવિધા તથા વધતી મુસાફર સંખ્યાને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવેએ વેરાવળ-રાજકોટ અને રાજકોટ-વેરાવળ લોકલ ટ્રેનોમાં તાત્કાલિક ધોરણે વધારાના જનરલ કોચ લગાવવાનો નિર્ણય કર્યો છે.ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર વધારાના કોચોની વિગતો નીચે મુજબ છે:* ટ્રેન નંબર 59421 રાજકોટ-વેરાવળ લોકલમાં તા. 02 જૂન 2026થી 01 ઓગસ્ટ 2026 સુધી 2 વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે.* ટ્રેન નંબર 59422 વેરાવળ-રાજકોટ લોકલમાં તા. 03 જૂન 2026થી 02 ઓગસ્ટ 2026 સુધી 2 વધારાના જનરલ કોચ લગાવવામાં આવશે.ભાવનગરના મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે આ વ્યવસ્થા અમલમાં આવ્યા બાદ આ ટ્રેનોમાં હાલના 09 જનરલ કોચોની જગ્યાએ કુલ 11 જનરલ કોચ ઉપલબ્ધ રહેશે, જેના કારણે મુસાફરોને મુસાફરીમાં વધુ સુવિધા મળશે. આ નિર્ણયથી લાંબા સમયથી બાકી રહેલી મુસાફરોની માંગ પૂર્ણ થઈ છે. પશ્ચિમ રેલવે યાત્રિયોને વધુ સારી, સુરક્ષિત અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે.મુસાફરો ટ્રેનોના સંચાલન અને અન્ય વિગતવાર માહિતી માટે ભારતીય રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

અતુલ કુમાર ત્રિપાઠી
વરિષ્ઠ મંડલ વાણિજ્ય
પ્રબંધકપશ્ચિમ રેલવે, ભાવનગર મંડલ

તારીખ : 30/05/2026

# અર્હમ યુવા સેવા ગૃપ ધારી દ્વારા રોજ 425 લીટર વિનામૂલ્યે છાશનું વિતરણ



ગરમી નું ખૂબ પ્રમાણ વધી રહ્યું છે ત્યારે ધારી શહેરમાં ગરમીની સિઝનને ધ્યાનમાં રાખીને અર્હમ યુવા સેવા ગૃપ દ્વારા દરરોજ સવારે 6 થી 7 કલાક દરમિયાન સંઘરાજકા પેટ્રોલ પંપ ખાતે વિનામૂલ્યે છાશ વિતરણ કરવામાં આવે છે. આ સેવા યજ્ઞમાં દાતાઓનો સહયોગ મળી રહ્યો છે.


K/D NEWS
TATA IPL 2026
સૌથી મોટી ટક્કર!
RCB
ROYAL CHALLENGERS BENGALURU
GUJARAT TITANS
QATAR AIRWAYS
DREAM11
તારીખ:
31 મે 2026
ટાઇટલની જંગ
કોન થશે સાચો ચેમ્પિયન?

તારીખ : 30/05/2026

# બગસરામાં રોકાણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી જિલ્લાના બગસરામાં બે દિવસીય રોકાણ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વડીલોને મ્યુચ્યુઅલ ફંડ, નિવૃત્તિ આયોજન અને નાની મૂડી દ્વારા આર્થિક સંપતિના સર્જન અંગે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખાસ કરીને બગસરાના સિનીઅર સીટીઝન ગૃપ અને યુવકો માટે બચત દ્વારા સમૃધિ અંતર્ગત રોકાણ આયોજન માટે કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ટ્રેનર જીગરભાઈ પારેખ અને અભિષેકભાઈએ સંપત્તિ નિર્માણ અને સુરક્ષિત રોકાણ તેમજ નિવૃત્તિ બાદની આવક—બચત અંગે જાણકારી આપી હતી. આ ઉપરાંત મ્યુચ્યુઅલ ફંડ, નિવૃત્તિ આયોજન અને નાની મૂડી દ્વારા આર્થિક સંપતિના સર્જન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા માટે સહકાર ફ્રેન્કલિન ટેમ્પલટન ભારત, અમદાવાદની વેલ્થપોઈન્ટ ફાઈનાન્શિયલ રિસોર્સિસ અને જેનુદીન મલકણ, કલ્પેશ સગર તેમજ ભારતેશ ધકાણે જહેમત ઉઠાવી હતી. અને કાર્યક્રમ સફળ રહેલ.

K/D NEWS

# સિંહોનાં મોત વધતાં વન વિભાગના સિનયર અધિકારીઓ એલર્ટ!



## PCCF ભવાની પઠીને ગીરમાં જ રહેવા આદેશ, મૃતક સિંહોના સેમ્પલનો 3 દિવસ બાદ પણ રિપોર્ટ નથી આવ્યો

- ગીર પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં સિંહોના વધતા મૃત્યુ બાદ વન વિભાગ સંપૂર્ણ એલર્ટ મોડ પર.
- PCCF ભવાની પઠી છેલ્લા ત્રણ દિવસથી ગીરમાં જ કેમ્પ કરી રહ્યા છે અને પરિસ્થિતિનું સીધું સ્થળ પર નિરીક્ષણ કરી રહ્યા છે.
- વન વિભાગના દાવા પ્રમાણે માત્ર 8 સિંહના મોત થયા, સૂત્રો મુજબ 12 સિંહના મોત.
- મૃતક સિંહોના સેમ્પલ લીધા બાદ 3 દિવસથી વધુ સમય વીત્યો છતાં રિપોર્ટ હજુ સુધી આવ્યો નથી.
- સ્થાનિક અધિકારીઓ દ્વારા મોતનો આંકડો છુપાવતાં રાજ્ય સરકારે PCCFને ગીરમાં જ રહેવા આદેશ કર્યો.




**PCCF ભવાભી પઠી**
મોડી રાતથી વહેલી સવાર સુધી અને દિવસભર સતત ફિલ્ડમાં દોડધામ કરી રહ્યા છે.

### પ્રથમવાર PCCF ભવાભી પઠીએ ગીરથી પીપાવાવ સુધી જાતે નિરીક્ષણ કર્યુ



### સિંહોની દરેક ગતિવિધિ, ખોરાક, વર્તન અને આરોગ્ય પર સતત નજર



### તમામ રેન્જની ટીમો હાઈએલર્ટ પર




## PCCF ની મુખ્ય કામગીરી

- સિંહબાળ સાથેના ગ્રુપનું જાંતે નિરીક્ષણ
- સિંહોની હેલ્થ અને મુવમેન્ટ પર નજર
- કોઈ ચેપના સંકેત મળે તો તરત સેમ્પલિંગ અને સારવાર
- ફોરેસ્ટ સ્ટાફ, ટ્રેકર્સ અને એનિમલ કેર ટીમો હાઈએલર્ટ પર

**વન વિભાગ એલર્ટ, સિંહોના સ્વાસ્થ્ય અને સુરક્ષા માટે સતત દેખરેખ!**

KD NEWS

# અરવલ્લી-મહીસાગરમાં વરસાદ, 11 જિલ્લામાં આગાહી:

## 6 દિવસ વાતાવરણ તોફાની રહેશે

### ખેડૂતો પાક-ઘાસચારો સાચવી લેજો



ગુજરાતમાં અસહ્ય ઉકળાટ અને કાલઝાળ ગરમી વચ્ચે હવામાનમાં મોટો પલટો આવ્યો છે. હવામાન વિભાગની આગાહી પગલે આજે (30 મે) વહેલી સવારથી જ **અરવલ્લી** અને **મહીસાગર** જિલ્લામાં કાલવીબંકઠાં વાદળો સાથે ધોધમાર વરસાદ ખાબક્યો છે. મેઘરાજાના આ ધમાકેદાર આગમનની સાથે જ વાતાવરણમાં એકાએક ઠંડક પ્રસરી ગઈ છે.

---

હવામાન વિભાગે આગામી **6 દિવસ** સુધી રાજ્યમાં ભારે પવન અને ગાજવીજ સાથે **તોફાની વાતાવરણ** રહેવાની ચેતવણી આપી છે. **ખેડૂતોને** પોતાના ઉભા પાક અને ઘાસચારોને **સુરક્ષિત સ્થાળે ખસેડી લેવા ખાસ અપીલ** કરવામાં આવી છે.

### અ અગામી 11 જિલ્લામાં આગાહી



**6 દિવસ**
વાતાવરણ
તોફાની રહેશે

- અરવલ્લી
- મહીસાગર
- દાહોદ
- પંચમહાલ
- છોટાઉદેપુર
- નર્મદા
- ભરૂચ
- સુરત
- તાપી
- વલસાડ
- નવસારી

### છેલ્લા 24 કલાકમાં તાપમાનમાં ઘટાડો

રાજ્યના મહત્તમ તાપમાનમાં 1 થી 4 ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે. રાજકોટમાં સૌથી વધુ 3.7 ડિગ્રીનો ઘટાડો.

| શહેર | ગઈકાલે (°C) | આજે (°C) | ઘટાડો (°C) |
|---|---|---|---|
| રાજકોટ | 43.6 | 39.9 | 3.7 |
| સુરેન્દ્રનગર | 44.7 | 41.5 | 3.2 |
| ડીસા | 42.2 | 38.1 | 4.1 |
| અમરેલી | 41.9 | 39.5 | 2.4 |
| કંડલા એરપોર્ટ | 40.0 | 37.6 | 2.4 |
| કંડલા | 37.8 | 36.5 | 1.3 |
| ગાંધીનગર | 43.5 | 42.7 | 0.8 |
| અમદાવાદ | 44.4 | 43.1 | 1.3 |

દમણ અને પોરબંદરમાં તાપમાન સહેજ વધ્યું

### આગામી 6 દિવસનું વાતાવરણ




આગામી 7 દિવસમાં મહત્તમ તાપમાનમાં **3 થી 5°C** નો કમિક ઘટાડો થશે



### ખેડૂતો માટે ખાસ સૂચના

ઉભા પાક અને ઘાસચારાને સુરક્ષિત સ્થળે ખસેડી લો



તારીખ : 30/05/2026

# અભિનેતા પરેશ રાવલનો આજે જન્મદિવસ




પરેશ રાવલ (જન્મ 30 મે ૧૯૫૫) એક ભારતીય અભિનેતા ફિલ્મ નિર્માંતા અને ભૂતપૂર્વ રાજકારણી છે, જે મુખ્યત્વે હિન્દી ફિલ્મોમાં તેમના કાર્યો માટે જાણીતા છે . હિન્દી સિનેમાના શ્રેષ્ઠ અભિનેતાઓ માંના એક તરીકે ગણવામાં આવે છે, તેમણે ૨૪૦ થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો છે અને રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારો અને ત્રણ ફિલ્મફેર પુરસ્કારો સહિત વિવિધ પ્રશંસા પ્રાપ્ત કરી છે. તેમને ૨૦૧૪ માં ભારત સરકાર તરફથી પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા હતા .૧૯૯૪ માં, તેમણે "વો ચોકરી" અને "સર" ફિલ્મોમાં તેમના અભિનય માટે શ્રેષ્ઠ સહાયક અભિનેતાનો રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર જીત્યો.બાદમાં, તેમને નકારાત્મક ભૂમિકામાં શ્રેષ્ઠ અભિનય માટેનો પ્રથમ ફિલ્મફેર પુરસ્કાર મળ્યો . ત્યારબાદ કેતન મહેતાની " સરદાર" ફિલ્મ આવી, જેમાં તેમણે સ્વતંત્રતા સેનાની વલ્લભભાઈ પટેલની મુખ્ય ભૂમિકા ભજવી , આ ભૂમિકાએ તેમને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા મેળવી. હિન્દી સિનેમામાં તેમની અન્ય નોંધપાત્ર કૃતિઓ "અર્જુન" (૧૯૮૫), "નામ" (૧૯૮૬), "શિવા" (૧૯૯૦), "અંદાજ અપના અપના " (૧૯૯૩), " મોહરા " (૧૯૯૪), " દિલવાલે" (૧૯૯૪), "ચાઈના ગેટ" (૧૯૯૮) ,"ઐતરાઝ" (૨૦૦૪) અને "ટેબલ નં. ૨૧" (૨૦૧૩) છે. તેને તેલુગુ બોક્સ ઓફિસ હિટ ફિલ્મો જેમ કે ક્ષના ક્ષણામ (1994), મની મની (1995), ગોવિંદા ગોવિંદા (1994), રિક્ષાવોડુ (1995), બાવાગારુ બગુનારા (1998) જેવી હિટ ફિલ્મોમાં તેની ખલનાયકની ભૂમિકાઓ માટે ઓળખ મળી છે . જ્યારે અક્ષય કુમાર સાથેની તેમની ફિલ્મ ઓમાય ગોડ તો અમિતાભ બચ્ચન સાથેની ફિલ્મ બાગબાન થકી પણ સારી ઓળખ બોલીવુડમાં તેમને મળી છે અને તેમના તે પાત્રને આજે પણ લોકો ભૂલી નથી શકયા.

તારીખ : 30/05/2026

# અમરેલી વિધાનસભા વિસ્તારના શિક્ષણ વિકાસને ઐતિહાસિક વેગ : 2 નવી સરકારી માધ્યમિક શાળાઓની ભેટ

ગાંધીનગર તા.૩૦/૦૫/૨૦૨૬

આમ તો જે શિક્ષણ માનવને અજ્ઞાનની ઝંઝીરો માંથી મુક્ત કરી ઉજ્જવળ ભવિષ્ય તરફ દોરી જાય, તે જ સાચું શિક્ષણ છે. અમરેલી વિધાનસભાના વિદ્યાર્થિઓ માટે ઉપનિષદનું આ વાક્ય આજે ખરા અર્થમાં સાર્થક થયું છે.ગુજરાત સરકાર દ્વારા અમરેલી વિધાનસભાના લોકપ્રિય ધારાસભ્ય અને સરકારમાં રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના પ્રયાસોથી ચાલુ વર્ષમાં જ અમરેલી વિધાનસભાને 2 નવી સરકારી માધ્યમિક શાળાઓની મહત્વપૂર્ણ ફાળવણી થઈ છે. જેમાં અમરેલી (શહેર) અને વડીયા ખાતે નવી શાળાઓ શરૂ થવાના નિર્ણયથી જિલ્લાના હજારો વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારની નજીક ગુણવત્તાસભર માધ્યમિક શિક્ષણ પ્રાપ્ત કરવાનો માર્ગ વધુ સુગમ બનશે. અત્યાર સુધી અનેક વિદ્યાર્થીઓને ધોરણ-૮ પછી અભ્યાસ ચાલુ રાખવા માટે પોતાના ગામથી દૂર જવું પડતું હતું, જેના કારણે સમય, પરિવહન અને અન્ય વ્યવહારુ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. નવી શાળાઓ કાર્યરત થતાં વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારની નજીક જ શિક્ષણની વધુ સારી તક ઉપલબ્ધ બનશે અને વાલીઓમાં પણ વિશ્વાસનો માહોલ વધુ મજબૂત બનશે.આ નવી શાળાઓની મંજૂરી સાથે જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી લાંબા સમયથી ઉઠતી લોકલાગણીને પણ યોગ્ય પ્રતિસાદ મળ્યો છે. શિક્ષણપ્રેમીઓ, વાલીગણ, સ્થાનિક આગેવાનો તથા જનપ્રતિનિધિઓ દ્વારા વિદ્યાર્થીઓને નજીકના વિસ્તારમાં માધ્યમિક શિક્ષણની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સતત રજૂઆતો કરવામાં આવતી હતી. જે અન્વયે રાજ્ય સરકારમાં મંત્રી કૌશિકભાઈ વેકરીયાએ વિસ્તારની જરૂરીયાતને ધ્યાને લઈ સરકારને બજેટમાં નવી સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવા બાબતે પ્રયાસો તેજ કર્યા હતા. આ માંગણીઓને સંવેદનશીલતાપૂર્વક ધ્યાનમાં લઈ લેવાયેલા આ નિર્ણયને કારણે શિક્ષણ ક્ષેત્રે વધુ સર્વસમાવેશક અને સુલભ વ્યવસ્થા ઊભી થવાનો માર્ગ મોકળો બન્યો છે.રાજ્યમંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, “જ્યારે કોઈ ગામમાં શાળા ઉભી થાય છે ત્યારે માત્ર એક ઈમારતનું નિર્માણ થતું નથી, પરંતુ આવનારી પેઢીના સપનાઓને નવી દિશા મળે છે. કોઈપણ વિદ્યાર્થી માત્ર અંતર કે સંજોગોના કારણે શિક્ષણથી વંચિત ન રહે, તે માટે રાજ્ય સરકાર સતત પ્રતિબદ્ધ છે. અમરેલી વિધાનસભામાં મંજૂર થયેલી આ 2 નવી શાળાઓ હજારો વિદ્યાર્થીઓના જીવનમાં નવી આશા, નવા અવસર અને નવા આત્મવિશ્વાસનો સંચાર કરશે. અમરેલી વિધાનસભામાં શિક્ષણના વિસ્તરણ માટે લેવાયેલો આ નિર્ણય આગામી વર્ષોમાં વિસ્તારમાં સામાજિક અને આર્થિક વિકાસને નવી ગતિ આપશે. જ્ઞાનથી વિકાસ, વિકાસથી સમૃદ્ધિ અને સમૃદ્ધિથી સશક્ત સમાજ! આ જ અમરેલીના ઉજ્જવળ આવતીકાલનો માર્ગ છે. આ પ્રસંગે શ્રી વેકરીયાએ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી અને શિક્ષણ મંત્રીશ્રી પ્રદ્યુમનભાઈ વાજાનો પણ આભાર વ્યક્ત કર્યો હતો અને આ સરકારી માધ્યમિક શાળાઓની મંજૂરીને એક દૂરંદેશી પગલું જણાવ્યું હતું.

તારીખ : 30/05/2026

# અમરેલી જિલ્લામાં પેન્શન સહાય યોજનાનાં લાભાર્થીઓ માટે હયાતીની ખરાઈ ફરજીયાત

અમરેલી શહેરી વિસ્તારમાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય, નિરાધાર વૃદ્ધ, અપંગવૃદ્ધસહાય તેમજ વિધવા સહાય મેળવતા તમામ અરજદારો માટે હયાતીની ખરાઈ (ઈ-કેવાયસી) કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. આ પ્રક્રિયા માટે તમામ લાભાર્થીઓએ પોતાના આધાર કાર્ડ અને મોબાઈલ ફોન સાથે"મામલતદાર કચેરી, અમરેલી શહેર, ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા સેવા સદન, રાજમહેલ કોમ્પ્લેક્સ ખાતે રૂમ નંબર ૭, ૮ અને ૧૩માં રૂબરૂ હાજર રહેવું ફરજિયાત છે. આ કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવાની હોવાથીતમામ અરજદારોને વહેલી તકે કચેરીની મુલાકાત લેવા મામલતદાર અમરેલીની યાદીમાં જણાવ્યું છે.

તારીખ : 30/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 30/05/2026
Join us on :
કે.ડી. ન્યૂઝ વોટસએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## Darshan
## dilipbhai Chudasama

તારીખ : 30/05/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"યોગ્ય અને પાત્ર વ્યક્તિ મળે ત્યારે પણ એની સાથે વાત ન કરીને આપણે વ્યક્તિ ગુમાવીએ છીએ પણ ગમે તે વ્યક્તિ આગળ ગમે તેવી નબળી અને નકામી, નુકસાનકારી અને અનર્થકારી વાતો કરતા રહીને તો આપણે આપણી ખુદની ગુડવિલ ગુમાવી બેસીએ છીએ. આપણને આનો ખ્યાલ ખરો ?"




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ




કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 30/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3408**
**30/05/2026**
**Saturday**

## आत्मा

संगत वर्ष सामान्य वर्ष
नही है। समुद्रमंथन के
"परिणाम" आनेवाला वर्ष
है,

बाबास्वामी
30/5/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 30/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**ઑફિસર :** ‘તારા હાથમાં આ શેનો કાગળ છે ?
’કર્મચારી : ‘સાહેબ, એ મારું ટી.એ. બિલ
છે.’ઑફિસર : ‘પણ તું ટૂર પર તો ગયો નથી.
’કર્મચારી : ‘આપે તો, સાહેબ ! ગઈ કાલે આપના ગુમ થઈ ગયેલા કૂતરાને શોધવા મને જંગલમાં મોકલ્યો હતો, એટલામાં ભૂલી ગયા ?’

**એક ભાઈએ** ગંભીરતાથી પૂછ્યું અત્યારે કઈ ચિંતા છે બીજા ભાઈએ જવાબ આપ્યો એક બાજુ ઉનાળાની ગરમી અને કાલે ipl ની ફાઈનલ અને પાછી કોહલીના ચાહકોને પણ તકલીફ બેંગલુરુનો સપોર્ટ કરે તો ઘરેથી એમ કહે ગુજરાતનો છો કે બેંગલુરુ નો કરવું શું .

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 30/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 30 મે
# મહત્વની ઘટનાઓ

૧૬૩૧ – પ્રથમ ફ્રેન્ચ અખબાર ‘ગેઝેટ ડી ફ્રાન્સ’નું પ્રકાશન.

૧૮૨૬ – ભારતનું સૌ પ્રથમ હિન્દી ભાષાનું અખબાર ઉદન્ત માર્તણ્ડ કલકત્તાથી પ્રકાશિત થયું.

૧૮૬૧ - "અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપની"એ અમદાવાદ ખાતે સૌપ્રથમ કાપડની મીલ ચાલુ કરી.

૧૯૮૯ – તિઆનાનમેન સ્ક્વેર વિરોધ પ્રદર્શન ૧૯૮૯: વિદ્યાર્થી પ્રદર્શનકારીઓ દ્વારા તિઆનાનમેન સ્ક્વેરમાં ૧૦ મીટર ઊંચી "લોકશાહીની દેવી" પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું.

૧૯૯૮ – પરમાણુ પરીક્ષણ: પાકિસ્તાને ખારન રણમાં ભૂગર્ભ પરીક્ષણ કર્યું.

## જન્મ

૧૯૨૧ – સુરેશ જોષી, ગુજરાતી સાહિત્યકાર. (અ. ૧૯૮૬)

૧૯૪૦ – જગમોહન દાલમિયા, આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલના પૂર્વ પ્રમુખ. (અ. ૨૦૧૫)

૧૯૫૦ – પરેશ રાવલ , અભિનેતા અને નાટ્યકલાકાર.

૧૯૭૦ – નેશ વાડિયા ભારતીય ઉદ્યોગપતિ.

## અવસાન

૧૬૦૬ – ગુરુ અર્જુન દેવ, પાંચમા શીખ ધર્મગુરુ. (જ. ૧૫૬૩)

૧૯૮૧ – ઝીયા ઉર રહેમાન  બાંગ્લાદેશના પ્રમુખ. (જ. ૧૯૩૬)

## તહેવારો અને ઉજવણીઓ

ભારતીય આગમન દિવસ (ટ્રિનિદાદ અને ટોબેગો)

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 30/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




# હોલસેલ ભાવે

નાની-મોટી

# ચીઠ્ઠી બુક

---

# વિદ્યાર્થીઓ માટે



# રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

---

SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 30/05/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

ના નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

તારીખ : 30/05/2026

SINCE 1923
KD
NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



કે.ડી NEWS

આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




67K

50K

28K

100K

સંપર્ક : મો. 94997 97973